# CHAROTAR ENGLISH MEDIUM SCHOOL, ANAND

**ANNUAL EXAMINATION – 2019**

**Date : 11/04/2019** **Std : 11th** **Sub : Gujarati**

**Time : 3 hours** **ANSWER KEY** **Marks – 80**

## (વિભાગ – A) [પદ્યવિભાગ]

Ans-1 (B) લોકગીત (૦૨)

Ans-2 (C) મારું ઘર

Ans-3 ત્રણસોને સાઠ ગોવાળિયાના વડા કોણ બનશે તે પ્રશ્ન મૂંઝવે છે. (૦૪)

Ans-4 સુદામાની પત્ની સુદામાને ઋષિરાયજી સંબોધન કરે છે.

Ans-5 ઈશ્વરને કાન ફૂટતા હોય તેવું ઘંટના નાદથી લાગે છે.

Ans-6 પ્રત્યેક ડાળ કવિને વસંતના રસ્તા જેવી લાગે છે.

Ans-7 અનેક મુશ્કેલીઓવાળા રસ્તાઓ ઓળંગવાના છે. જે ગરીબ છે – દયામણાં છે એમનો ઉદ્ધાર કરવાનો છે માટે કવિ હિમ્મત ન હારવાનું કહે છે. (૦૬)

Ans-8 મારા ભાઈને વિદ્યા ખૂબ ખૂબ પ્રાપ્ત થશે અને મારા ભાઈનું આયુષ્ય ખૂબ જ લાંબુ અને નિરામય હશે એમ બહેન ભાઈને જણાવે છે.

Ans-9 આખી જિદંગી ચકમક લોઢું વસતાં–ઘસતાં ખર્ચી નાખી, છતાંય જામગરીમાં એક તણખો પણ ન પડયો માટે કવિ કહે છે કે ' ન ફળી મહેનત મારી '.

**અથવા**

Ans-9 ધુવડના દષ્ટાંત દ્વારા કવિ એમ સમજાવવા માંગે છે કે ઘુવડ સો વર્ષ જીવે છતાં પણ સૂરજ વિશે, દિવસ વિશે કંઈ જ જાણતું નથી. તેમ મનુષ્ય આંખોમાં મહિ–માયાનો પડળો લઈને વર્ષો સુધી જીવે તોપણ તે મનુષ્યે ચેતનની પ્રભુની અનુભૂતિ થતી નથી. તે સમજાવવા માંગે છે.

Ans-10 ' સહવાસ ' નામના કાવ્યમાં પાણીના ટીપાનો સહવાસ કોની કોની સાથે થાય છે તે પ્રમાણે તેનું રૂપાંતર થાય છે. ગરમ તાવડીના સહવાસમાં આવવાથી પાણીનું ટીપું નાશ પામે છે. કમળના પાંદડાના સહવાસમાં આવતાં પાણીનું ટીપું છીપમાં પડે તો તે મોતી બની જાય છે. જેવી રીતે પાણીનું ટીપું જુદા–જુદા પદાર્થોના સહવાસમાં આવવાથી જુદા જુદા રૂપાંતરો પામે છે તેમ મનુષ્યનું બને છે. જે મનુષ્ય જેના સહવાસમાં આવે તેના ગુણ એનામાં આવે તેના ગુણ એનામાં જતાં હોય છે. પેલી કહેવત પ્રમાણે ' જેવો સંગ એવો રંગ ' જેના સાનિધ્યમાં સતત રહેવાનું બને તેના વિચારોની અસર વ્યકિત પર પડે છે. દુર્ગુણોથી ભરેલા વ્યકિતનો સહવાસ કરવાથી દુર્ગુણો પ્રવેશે છે, સંસ્કારી અને સારા વ્યકિતનો સહવાસ કરવાથી આપણામાં સહજ રીતે સારા ગુણો આવતા હોય છે. આમ, સહવાસનું માહાત્મ્ય રહેલું છે.

**અથવા**

Ans-10 આ કાવ્યમાં પિતાજીની ઉદારતાને બિરદાવવામાં આવી છે. બાળઉછેર માટે પિતાજીએ અનોખી ઉદારતાં **(૦૪)** પ્રગટાવી છે. બાળક વાંક–ગુનો કરે તો પણ પિતાજીએ બધું જ ભૂલી જઈને બાળકને પીડા આપતા નથી.બાળકને ભણાવી ગણાવીને ભાગ્યશાળી બનાવે છે. બાળકની તુચ્છ–નકામી ટેબને એની યોગ્ય ટેવ પાડે છે.લોકોની વચ્ચે બાળકને કીર્તિવંત બનાવે છે. એવા પ્રકારનાં ગુણોનું સિંચન કરે છે. સારો લ્હાવો અપાવ્યો છે. ઘણું ઘણું પિતાજી તરફથી મળ્યું છે. બાળકના સુખ માટે હંમેશા ઉપાયો જ શોધ્યાં છે.બાળકને હંમેશા પ્રેમથી નેત્રમાં નીર લાવીને જ પિતાજી જોતા, વ્હાલથી બાળકને છાતી સરસું ચાંપીને પ્રેમ આપતા. બાળક માટે હંમેશા મીઠા–મધ જેવી જ વાણી વચન ઉચ્ચારતા એ બધું જ બાળક સ્મરણ કરીને પિતાજી પ્રત્યે ઋણની લાગણી આભાર વ્યકત કરે છે.

## (વિભાગ – B) [ગદ્યવિભાગ]

Ans-11 (C) રાઘવજી માધડ **(૦૨)**

Ans-12 (B) અણદો

Ans-13 સ્ત્રીઓએ લજજાનું આવરણ ભેદવું કઠિન હોય છે. **(૦૪)**

Ans-14 આંગતુકોને ગુસ્સે થતાં જોઈને કૂતરું એની મેળે શાંત થળ જાય છે તે જોઈને પાડોશીને આશ્ચર્ય થયું.

Ans-15 દરબાર કવિરાજ ઘરે પધારે છે ત્યારે કવિ સોનાના સૂરજ સાથે સરખાવે છે.

Ans-16 અમેરિકાની માયા સંસ્કૃતિ અને ઈન્કા સંસ્કૃતિ એમ બે પ્રાચીન સંસ્કૃતિઓનો ઉલ્લેખ છે.

Ans-17 પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે. અને તેને આત્મા પણ હોય છે. કલેવર, **(૦૬)** વિચારો , લાગણીઓ, ધબકારા , જ્ઞાન , માહિતી બધું ભેગું થઈ પુસ્તક બને છે. પુસ્તકની સાથે તમે વાતો કરી શકો , રડી શકો, સફર કરી શકો, દરિયાપાર અવકાશમાં ધરાના ઊંડાણમાં જઈ શકો. એટલે જ તો પુસ્તકને જાદુઈ દીવો કહયો છે.

Ans-18 જે સમયે અબ્દુલ કલામને પોતાના મિત્ર અને બનેવીના મૃત્યુના સમાચાર મળે છે ત્યારે અચાનક મિત્રના મૃત્યુના સમાચારથી કલામની અંદરનો બાળક અબ્દુલ પણ જાણે મરી ગયો હોય તેવું લાગે છે. કારણ કે મિત્ર વગર અબ્દુલ કલામને એકલવાયું લાગે છે. મિત્ર વગર બાળપણ છૂટી ગયાનો અહેસાસ થાય છે. આ રીતે અબ્દુલ કલામની અંદર રહેલા બાળકનું મૃત્યુ થાય છે.

Ans-19 સામાન્ય કહી શકાય એવું કુટુંબ જિદુનાથે કલ્યાણીના લગ્ન માટે શોધી કાઢયું. કુટુંબમાં ચારથી વધારે માણસો નથી. એમના જેવા જ તરછોડાયેલાં છતાં ભદ્ર લોકો કહી શકાય એવાં એ લોકો બહુ પૈસાદાર નથી પણ ખાનદાન છે.વર છે કાંતિમાન, સંસ્કારી, કુલીન એવા પરિવારમાં કલ્યાણીનું લગ્ન ગોઠવ્યું.

**અથવા**

Ans-19 બશ્કીરના લોકો સ્ટેપીઝ પ્રદેશમાં વસનાર લોકો છે. સ્વભાવે તેઓ બહુ સરળ છે. એમની પાસે એટલી બધી જમીન છે કે નાની એવી ભેટથી પણ ખુશ થઈને તેઓ પાણીના મૂલે જમીન વેચી દેતા. આ પ્રદેશમાં બશ્કીર લોકો નદી કિનારે તંબુ બાંધીને રહેતાં હતાં. તેઓ ભારે મોજીલા હતા.ચાર મહિના કશું કામ ન કરે , માત્ર મોજ કરે. આવા સ્ટેપીઝ પ્રદેશના બશ્કીર લોકો ખૂબ જ આનંદી, મોજીલા અને સરળ હ્રદયના જોવા મળે છે.

Ans-20 ઈચ્છાશંકરે જીવનમાં ખૂબ જ સુખદુઃખ જોયા છે આફ્રિકા ગયો ત્યારે માત્ર એક લોટો અને શેઠની રસોઈ **(૦૪)** કર બદલવા માટે અબોટિયું જ પાસે હતું. પછી તો લક્ષ્મીની મહેરબાની થાય છે અને ખૂબ જ ધનવાન બની જાય છે. ઈચ્છાશંકરની પેઢીઓ નાગરવેલની જેમ આખાય આફ્રિકામાં પથરાઈ રહી છે. અહીં વતનમાં પણ જમીન, મકાનો તથા શેર વગેરેમાં ઘણું રોકાણ છે, પરંતુ નવાઈની વાત તો એ છે કે ઈચ્છાશંકરનો મહિ જેમ જેમ મિલકત વધતી જાય છે તેમ તેમ તે તરફ વધવાને બદલે ઊતરતો જાય છે માટે જ એણે અત્યાર સુધી મોટાભાઈને પણ બધી જ મિલકતમાં ભાગીદાર ગણ્યા હતા ને રાખ્યા હતા. એ ઉપરથી જ કહી શકાય કે એમને મિલકત પ્રત્યે કોઈ જ મોહ રહયો નો તો.

Ans-20 ' ખરીમા ' એ રમણલાલ વસંતલાલ દેસાઈની એક વાર્તા છે. આ વાર્તાનું કથાવસ્તુ 'મા' ને કેન્દ્રમાં રાખીને પસંદ કરવામાં આવે છે. બાળક ચાર વર્ષનું હોય છે ત્યારે જ એની ' મા ' મૃત્યુ પામે છે. બાળસહજ રીતે બાળક માની શોધ કર્યા કરે છે. મા હજી સુધી કેમ આવતી નથી ? મા મને કેમ લઈને ગઈ નહી ? મને મૂકીને કેમ જતી રહી ? આવા અનેક પ્રશ્નો કર્યા કરે છે અને માને શોધ્યા કરે છે. એજ સમયે બાળકના પિતા નવી મા લઈ આવે છે. નવી મા બાળકના મનને શાંત કરવા માટે અનેક પ્રયત્નો કરે છે. માની ખોટ પૂરી કરવા માટે બધા જ પ્રયત્નો કરે છે. ખાવા–પિવા , બેસવા–ઉઠવા, ન્હાવા–ધોવાથી માંડી કપડાં લતા બધાનું જ ધ્યાન રાખે છે. જીવનશૈલીમાં પરિવર્તન લાવવા પ્રયત્નો કરે છે. છતાં પણ નવી મા એ ખરી માની ખોટ પૂરી કરી શકતી નથી. બાળકને નવી મા 'તમે'કહીને બોલાવતી હતી. તમ તો મને 'તું' નથી કહેતા. એ જ અળસામાં બાળક ઊંઘમાં મા–મા શબ્દ બોલે છે.હું મારી ખરીમાને શોધું છું. એમ બાળક કહે છે ત્યારે નવી માને ધ્રાસકો પડે છે. છતાં મોટું મન કરીને બાળકને છાતી સરસો આપે છે. બાળકને ખોળામાં લઈને ઊંઘે છે.બાળકને માની હૂંફ મળે છે. સારું લાગે છે. નવી મા ખરા અર્થમાં 'ખરીમા' બને છે. આ રીતે શિર્ષકની સાર્થકતા જોઈ શકાય છે.

## (વિભાગ – C વ્યાકરણ આધારિત)

| | | |
|---|---|---|
| Ans-21 | સાંદિપની એક ઋષિ હતા. | (૦૨) |
| Ans-22 | વિશાલે વર્તુળ દોર્યુ. | |
| | **અથવા** | |
| Ans-21 | ની, ને | |
| Ans-22 | ની, થી | |
| Ans-23 | જયાં સંપીને લોકો રહેતા હોય ત્યાં હંમેશા શાંતિવાળું જીવન જીવાતું હોય છે. જીવનમાં હંમેશ ઘરમાં હોઈએ કે સમાજમાં હોઈએ, પણ હંમેશા એકબીજા સાથે સંપીને જીવવું જોઈએ. એકબીજા સાથે હળીમળીને જીવન જીવવું જોઈએ. કજિયો – કંકાસ કરીને જીવવાથી જીવનમાં અશાંતિ ફેલાતી હોય છે અને ત્યાં શાંતિભર્યું જીવન જોવા મળતું નથી. એટલે જ શાંતિવાળું જીવન જીવવા માટે એકબીજા સાથે સંપીને જીવવું જોઈએ. તો જ જીવનમાં શાતિ મળે. જીવનમાં આનંદ મળે . એટલે જ કહેવાય છે . | (૦૨) |
| Ans-24 | સાવ સસ્તા ભાવે<br>બશ્કીર લોકો પાણીના મૂલે જમીન વેચતા હતા. | (૦૨) |
| Ans-25 | જીવ જોખમમાં મૂકાવો.<br>વાકય–યુધ્ધમાં કર્ણનો જીવ ત્રાજવે તોળાયો. | |
| Ans-26 | (A) કર્ણ – કુંતી સંવાદ | (૦૩) |
| Ans-27 | (B) કિલ્લો | |
| Ans-28 | (C) શિખામણ | |
| Ans-29 | ઈચ્છા – કામના, મહેચ્છા | (૦૨) |
| Ans-30 | નાદ – અવાજ, ધ્વનિ | |
| Ans-31 | રાંક – ગરીબ, દીન | |
| Ans-32 | નિરંતર – સતત, હંમેશ | |
| Ans-33 | સંધ્યા | (૦૧) |
| Ans-34 | આગમન | |
| Ans-35 | ખોરાક, ખાવાનું | (૦૧) |
| Ans-36 | ચંદ્ર | |
| Ans-37 | પગથિયું | (૦૧) |
| Ans-38 | ગિરનાર | |
| Ans-39 | મુખ + આકૃતિ | (૦૧) |
| Ans-40 | ભૂપ + ઈન્દ્ર | |
| Ans-41 | મધ્યમપદ લોપી સમાસ – દહીમાં આથેલાં વડાં | (૦૧) |
| Ans-42 | દ્વિગુ સમાસ – ચાર માસનો સમૂહ | |
| Ans-43 | યુધ્ધ કરવાની ઈચ્છા | (૦૨) |
| Ans-44 | માછલી, મીન | |

## (વિભાગ – D) [અર્થગ્રહણ]

Ans-45 બગલાની આંખ કોઈને ધોખો આપવાનું કામ કરે છે, જયારે હંસલાની આંખ દરિયામાંથી મોતી શોધી લેવાનું કામ કરે છે. **(૦૫)**

Ans-46 કવિએ બગલાને ઠગભગત અને હંસલાને રાજછટાધારી કહયાં છે, કારણ કે બગલો એક પગે ઊભો રહીને જગતને ઠગે છે અને હંસલો જગતના માનવીઓનું હ્રદય જીતી લે છે.

Ans-47 બગલો ગંદા પાણીમાં અને લીલમાં રહે છે, જયારે હંસ માનસરોવરનું પંખી છે. તેની પાસે નીરક્ષીરને ઓળખવાની વિવેકદીષ્ટ છે.

Ans-48 બગલાને હંસલાના દષ્ટાંત ધ્વારા કવિ કાવ્યને અંતે એ સાર તારવે છે કે જેવી ભકિત કરશો તેવી ગતિ પામશો.

Ans-49 સરખાનોખા

Ans-50 શીર્ષક – સોનું – મોટામાં મોટો અનર્થ **(૦૫)**

સોનું અનાજ, ફળ–ફૂલ, ઊન – રેશમ, લાકડું, લોઢું વગેરે પદાર્થોની જેમ માનવીને ઉપયોગમાં આવતું નથી. તે તમાકુ અને અફીણની જેમ કેફ માટે કે ઝેરની જેમ મરવા માટે પણ ઉપયોગમાં આવતું નથી. આમ, છતાં, તે એક એવું ઝેર છે કે જે માણસના પરસ્પરનાં વિશ્વાસ, પ્રેમ, આદર, ધર્મબુધ્ધિ અને પવિત્ર સબંધોનો નાશ કરે છે. તેનો કેફ મોટાં મોટાં રાષ્ટ્રોને પણ સ્વાતંત્રનાશક તેમજ અન્યાયમૂલક પ્રવૃતિમાં જોતરે છે.

## (વિભાગ – E) [લેખન સજજતા]

Ans-51 નિબંધલેખન આપેલ મુદ્દાઓને આધારિત ભાષાશુધ્ધિ પ્રમાણે લખાણ હોવું જરૂરી છે. વ્યાકરણની દષ્ટિએ ભૂલરહિત લખાણ મુજબ ગુણ આપવાના રહેશે. **(૧૦)**

Ans-52 **(૦૫)**

૧, સંતરામ નગર,
વૈશાલી સિનેમા,
નડિયાદ.
તા.૧/૪/૨૦૧૯

ચિ. કાવ્યા,

' સારેગમપ' ની ગીત સ્પર્ધામાં તારી પસંદગી કરવામાં આવી એ માટે તેને ખૂબ અભિનંદન. સંગીત કલામાં તારી ઉત્તરોત્તર પ્રગતિ જોતાં આ દિવસ એક વાર આવશે એમ લાગતું હતું. ગઈ કાલે માસીનો ફોન આવ્યો ત્યારે આ શુભ સમાચાર સાંભળી અમે સૌ આનંદથી ઝૂમી ઊઠયાં. તારા ઘરમાં પણ આનંદનું વાતાવરણ હશે, પણ કાવ્યા, હવે જ તારી કસોટી શરૂ થાય છે. તારી સાધના અને તારા કંઠને પૂરો ન્યાય મળે એ માટે તારે ખૂબ મહેનત કરવી પડશે. જોકે તને માસી તથા માસાનો સાથ છે એટલે વાંધો નહિ આવે, કારણ કે તું નાનપણથી જ સંગીતના વાતાવરણમાં ઉછરી છે. માસા–માસી બન્ને શાસ્ત્રીય સંગીત અને સુગમ સંગીતનાં જાણકાર છે. તને સંદર અનુ મધુર કંઠ પણ વારસામાં મળ્યો છે. તને માતા પિતા તરફથી સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન મળતાં રહયા છે અને મળતાં રહેશે. તારી પસંદગીએ જ તમારા સૌની મહેનતનું પરિણામ છે.

કાવ્યા, તને મારા અંતરની શુભેચ્છા છે. તું આ ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરે અને તારી કીર્તિ દેશવિદેશમાં ફેલાય એ માટે પ્રભુને હ્દયથી પ્રાર્થના.

માસા–માસીને મારા અભિનંદન અને પ્રણામ , ભાઈ બહેનોને મારી મીઠી યાદ.

લિ. પૂજનનાં સ્મરણ

Ans-53 **(૦૫)**

સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ,
ગત અવસર આવે નહિ, ગયાં ન આવે પ્રાણ.

આ પંક્તિઓમાં કવિ કહે છે કે સંપત્તિ ચાલી જાય તો ફરી મેળવી શકાય છે. દરિયાની સફરે ગયેલાંવહાણ ભૂલા પડે કે તોફાનમાં સપડાઈ જાય તો કદાચ બચીને પાછાં આવી શકે છે. પરંતુ જીવનમાં આવેલી તક અને શરીરમાંથી નીકલી ગયેલા પ્રાણ પાછા આવતા નથી.

કવિએ જીવનમાં આવતી તકનું અને શરીરમાં રહેલા પ્રાણનું મહત્વ સમજાવ્યું છે. જીવનમાં આવતી તક ઝડપી લેવી જોઈએ. તેમ કરવાથી આપણે વિકાસના પંથે આગળ વધી શકીએ છીએ. એજ રીતે આપણું જીવન ખૂબ મૂલ્યવાન છે. તેથી પ્રાણની રક્ષા કરવી જોઈએ. શરીરની તંદુરસ્તી જાળવવી જોઈએ.

*******************************************************